સતપંથ સાહિત્ય સિરિઝ નાં. ૬ ભાગ ૨

રેલ્વે મુસાફર.

(ભાગ બીજો.)

ધુળ ઉરાડે સુર્ય પર-જાય નહિ ઢંકાઇ,
ઝળકી ઉઠે જગતમાં-સતપંથની સચ્ચાઇ.

લખનાર:—E. J. વરતેજી.

પ્રગટ કર્તા

ઇસ્માઇલી સાહિત્ય મંડળ.

તરફથી

આલમહમદભાઇ વલી નાઝર.
૬-ફ્રાંડી મેહોલ્લા જેલ રોડ, મુંબઇ, નાં. ૯

છાપનાર:—હાજીઆમદ ફાજલભાઇ સેક્રેટરી.
ધી ખોજા શીખી પ્રીન્ટીંગ પ્રેસ, ૧-૪ ડોંગરી
સ્ટ્રીટ બીમપુરા.—મુંબઇ નં. ૯

સંવત ૧૯૮૩-ઈ. સ ૧૯૨૭-હી. સ. ૧૩૪૫
આવૃતિ પહેલી] કીંમત ૬ પાઇ [પ્રત ૧૦૦૦૦

૧૩૬૩૮

એ હતે મા સ!!!

તદન સસ્તી ચોપડીઓ!!!

આપણા ઇસમાઇલી ફીરકા માટે લોકો ખોટા ખોટા વહેમ બતાવે છે! અને આપણાજ ભાઇઓ જેઓ ઇસમાઇલી ફીરકાના ઉંચા સીધ્ધાંતોથી ના-વાકેફ હોવાથી બહાર ખોટી ખોટી અફવા ઉડાવે છે, ને તેથી ઇસલામી અને બીજાઓ ટીકા કરે છે, તેથી અમારા મંડળ તરફથી તદન સસ્તી કીમતે નાની નાની બુકો પ્રગટ કરી આપણા મહાન પીરોએ ઝમાનાના ઇમામના હુકમ મુજબ શુધ્ધ ઇસલામી તાલીમ હિન્દુ રૂઢી મુજબ રજુ કરીને દુન્યાને

દુ [illegible] શી

ઇ [illegible] ાલે

ત [illegible] ી-

વ [illegible] માં

અ [illegible] ટા

પ્ર [illegible] ા

ના [illegible]

૩ આત્મ દર્શન ૬ એક રેલવે મુસાફર ભાગ ૧

ઉપર મુજબ ૬ સીરીઝ તૈયાર છે ને બીજી એક છપાય છે કીમત ૧ પૈસાથી એક આના સુધી રાખવામાં આવે છે. અમારી છપાતી બુકોના ગ્રાહક થઇ ઉત્તેજન આપવા માટે તરતજ લખોઃ—

ધી ઇસમાઇલી સાહિત્ય મંડળના ઓ. સેક્રેટરી.

૬.—જેલ રોડ, ડાંડી મોહલા પો. બો. નં. ૫૦૧૭ મુંબઇ. ૯

રેલ્વે મુસાફર.

[ભાગ બીજો]

આકોલામાં ઐકયતા !

અસર તણાં સોગંદ ફંદમાં મનુષ્ય ફરે છે,
કરીને કામ કુછંદ મંદ મતી દુખે મરે છે.
પણ નિતિના પાક, ધાક ખુદા ધરનારા,
શીખવી અવરને સત્ય, કૃત્ય રૂડાં કરનારા.
એકબીજા કરી ઐકયતા શીખવે ધીરજ સંપથી,
વાંચી વરતેજી વદે; સુરે અસર સંકલ્પથી.
(સોનરીસબક.

આજ કાલ હીંદમાં ધાર્મીક ચળવળ ચાલી રહી છે. સમાજી અને નમાજી એ બેઉ વ્યકતી વચ્ચે અસાધારણ અથડામણનું વાતાવરણ વધી ગયું છે. બ્રાટીશ ગવરમેન્ટ અને શાંત પ્રજાના આગેવાનો આવા વખ્તે એવા ઉપાયો યોજે છે કે, ક્યારે ! શાંતીનું સ્વરાજ્ય ઉત્પન થાય !!! આવા એક ઉપાય તરીકે નહીં ધારેલા સંજોગો વચ્ચે જ્યારે એક હીન્દુ ગૃહસ્થ અને એક યુનીફોર્મ ડ્રેસવાળા મુસલમીન સાથે ગયા પેમ્ફ્લેટમાં જણાવ્યા મુજબ "એક રેલ્વે મુસાફર" ની મુલાકાત જે બાબત મુલત્વી રહી હતી. તેને માટે કુદરતી પ્રેરણાને આધીન થઇ પેલો મુસાફર દોઢ માસ પછી તેને મળેલા એડરેસ કાર્ડ મુજબ આકોલા ગયો.

પ્રથમ યુનીફોર્મ ડ્રેસવાળા મી. મહમદને મળ્યો અને તેની સાથે રહી પેલા મારવાડી હીન્દુ લક્ષાધીપતીની મુલાકાત લીધી.

ઘટતા માન અને આદર પછી એક જાહેર મેળાવડો ભરવાનું નક્કી થયું અને એક પ્રખ્યાત લેકચર હોલમાં ત્રીજે દિવસે પહેલા મુસાફરનું લેકચર મુકરર થયું તે માટે ઘટતે ઠેકાણે હીન્દુ મુસ્લીમ સભ્ય ગૃહસ્થોને નોતરવામાં આવ્યા અને મેળાવડાના દિવસે લેકચર હોલ બરાબર વખતે સુજ્ઞ સાંભળનારા સભ્યોથી ચિક્કાર ભરાઇ ગયો. જેમાં અમદાવાદના વેપારી ગૃહસ્થો અને કેળવાએલા બેઉ પક્ષના લોકો મોટી સંખ્યામાં હાજર થયા હતા.

પ્રમુખસ્થાને પડદા મારવાડી ગૃહસ્થને બીરાજમાન કરી યુનીફોર્મવાળા મુસલમાને આજના લેકચરરની ઓળખ કરાવી અને કેવા સંજોગો વચ્ચે આજનું ભાષણ નિયત કરવાનું બન્યું તે ઘટતા શબ્દોમાં જણાવ્યું.

મુસાફરે પોતાનું લેકચર શરૂ કરતાં હીન્દુ મુસલીમીન ઐકયતાના સુંદર ફકરા શરૂ કરતાં બોલ્યા કે,

"હાફિઝા ગર વસ્લ ખાહી સુલહકુન બા ખાસો આમ
બા મુસલમાં અલ્લાહ અલ્લા બા બરેમન રામરામ."

અર્થ:—અરે હાફિઝ જો ખુદાના દર્શનને મેળાપની ખાહીશ રાખતો હોતો મુસલમીન મળે તો અલ્લાહ અલ્લા અને બ્રાહ્મણ મળે તો તેને રામ રામ કહે.

આના સબબમાં જનાબે રસુલે ખુદાએ પણ ફરમાવ્યું છે કે કુલ્લે મુઅલા.

અર્થ:—માણસોને પ્રીતીકારક વચનમાં વાત કરો. જેથી ભભાવ થાય એવી વાત મુકી દો. જો મનુષ્યનાં પુજ્ય પુરૂષોને ખરાબ બોલશો તો તેઓ તમારા ખુદા અને રસુલને ખરાબ કહેશે. એ વચનો અનુસાર ધરમ ભક્તો મહાન પીરોની તાલીમના શબ્દો છે કે,

ટાઢું ટાઢું મીઠું બોલીએ ગુરૂ ગત ગંગાને ભાવે.

એકંદરે હીન્દુ મુસલમીન શાસ્ત્રો એકસરખી રીતે સલાહ સંપ અને એકવતા બતાવે છે, અને ધર્મ વિરોધ માટે પણ તેટલાજ માટે મના કીધી છે. ત્યારે હાલના ધારમીક ચર્ચાના વાતાવરણમાં અજબ થવા જેવું એ છે કે, શુદ્ધિ કે સંગઠનના ઓઠાં તળે નમ્ર અને શાંત વૃત્તિના હીન્દુભાઈઓ ખામુખાં મુસલમીન ભાઈઓની મસજીદ પાસે વાજાં વગાડવાના નીમીત્તે તોફાન કરવાના ભોગ થઈ પડે છે.

હીન્દુ શાસ્ત્રોમાં વેદ, ઉપનિષદ, ગીતા અને પુરાણની તાલીમ પ્રમાણે ઈસ્લામીયોને કોઈ પણ રીતે મન દુખ ન થવા ધારમીક કર્મો ગુરૂઓના સેવક તરીકે વરતવાનું નીચેના શ્લોક પરથી જણાઈ આવે છે.

केवलं शास्त्री मुदस्यं, नहिं कर्तव्योहि निर्णयाः
युक्ति हीने विचारेतु, धर्म नाश प्रजायते ॥

અર્થ:—શાસ્ત્રોમાં લખાયેલો નિર્ણય યોગ્ય નથી કારણ કે ગુરૂએ બતાવેલી યુક્ત વગરના વિચારથી ધર્મનો નાશ થાય છે. આ હિસાબે કોઈપણ ધાર્મીક કર્મ કરવા માટે પોતાના ધર્મગુરૂના હુકમ વગર શાસ્ત્રનો અર્થ કરવાની મના છે.

ત્યારે વાજાં વગાડવા એ કંઈ હિંદુધર્મનો સિધ્ધાંત નથી. પણ આપણે માનીએ કે દેવતાઓના ઉત્સવ પ્રસંગે વાજાં વગાડી ઉત્સાહ ફેલાવવા નિમિત્તે જે રિવાજ પ્રચલીત છે. તેવે વખતે વાજાં વગાડી કોઈની ધર્મ લાગણી દુખતી હોય તો તે બંધ રાખી ધર્મ પ્રેમીઓનું મન ન દુખાવ દેવું એ પોતાના દેશમાં મુસલમીન ધર્મમતવાળાને પોતાના મિજમાન ગણી તથા તેમના બંદગી જેવા રોમનના પ્રસંગે ઘોંઘાટ કરવાથી ચુપ રહેવુ એ હિંદુ શાસ્ત્રની સંસ્કારી નમ્રપણાના ગુણને તરછોડી નાંખી અને સનાતનને વેદીક

તાલીમની હાંસી કરાવી પોતાને ઝનુની મનાવવા જેવું ઘણુ ઘટતું કામ છે.

પોતાના આંગણે મહેમાન જેવા ઇસલામીઓ માંહે હિન્દુ નેતાઓએ ઇતિહાસમાં જે કીરતી ઝળકાવી છે. તેને ઝાંખપ લગાડવા જેવા મસજીદ પાસે વાજાં વગાડી તોફાન કરવાના ઝનુની કૃત્યો હિંદુ ગણાતી દરેક વ્યકતીઓ પોતાના શુધ્ધિ અને સંગઠન કાર્ય માટે અટકાયત કરનારા શત્રુઓ ઉભા કરવા સમાન કાર્ય-ગણી મુકી દેવાની જરૂર છે. ઇસ્લામીઓની વફાદારીના સદગુણોએ જે છાપ દુનીયાના ઇતીહાસમાં પાડી છે તેનો લાભ આવા શુધ્ધિ અને સંગઠન વખતે ખોઈ દેવો એ ડહાપણ માનનારાઓ ખરા હિન્દુઓ નથી. તે ધાર્મીક હીતેચ્છુ પણ નથી આટલી સુચના પછી દુનીયામાં ધર્મ એકજ છે તે બતાવવાની મારી આજની ફરજ બજાવીશ.

એક મહાત્માના વચનો છે કેઃ—

"ખટ દરશન તો સુન પુજાવે
સતપંથ ધર્મકો મરમ ન પાવે"

આ બોધ પાઠની બે લીટીઓમાં બધી દુનીયાના ધર્મમતનો સમાવેશ થઇ શકે છે અને ઇશ્વરે બતાવેલો ધર્મ તેને સતપંથ તરીકે નામ આપ્યું છે. તે શું છે? તેનો મર્મ તપાસવા ભલામણ કરી છે સતપંથ એટલે સાચો રસ્તો જેને ઇસ્લામીઓ "સેરાતીલ મુસ્તકીમ" (સતપંથ કહે છે.)

ખટ દરશન એટલે ૭ દરશન એ હિન્દુધર્મ મત મુજમ ૬ ધર્મના મુખ્ય દરશનો છે પરંતુ આજે ખટ દરશનનો વ્યાપક અર્થ કરીએ તો વેદિક સનાતનીધર્મ અને તેના સંપ્રદાયો તે પછી જૈનમત અથવા બુધ્ધધર્મ તથા યાહુદીમત અને ખ્રિસ્તીમત તથા ઇસ્લામ એ બધાની ગણત્રી વિરોધ તરીકે નહી પણ એક સીધી

સાંકળ તરીકે ખટ દરશન લેખીએ તો પણ હાલના સંજોગોમાં ઠીક થશે એટલે કે બધી દુનીયા પર વસનારા ધાર્મીક મનુષ્યો જેજે ધર્મમત માને છે. તે તેઓના પવિત્ર શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ એકજ બાબતમાં અજ્ઞાન માલુમ પડશે કે જે દરેકના ધર્મનું અને જગતનું જીવન છે.

અત્યારે ધર્મમત માનનારાઓના ઉપર બતાવ્યા મુજબ ચાર મુખ્ય ધર્મ ગણાય.

૧ વેદિક સનાતન હિન્દુધર્મ.

૨ જૈન, બુધ્ધ, યહુદી ખ્રિસ્તી અને જરથોસ્તી.

૩ ઇસ્લામ.

૪ સતપંથ.

આ ચાર (૪) ધર્મમત કુલ્લે દુનીયાના વિસ્તારમાં રહેનાર મનુષ્યોના છે. પાંચમી વ્યકતી નાસ્તીકોની હોવાથી આપણે આજની ચર્ચામાં તે વિશે કાંઇપણ ઉચારી શું નહિ.

પ્રથમના ત્રણ મતના માનનારાઓ દરેક પાસે પવિત્ર શાસ્ત્રો છે. જે ઇશ્વરી વચનો તરીકે મનાય છે.

હવે જો ઇશ્વર એકજ હોય તો એકજ ઇશ્વરે આપેલો ધર્મ જુદો કેમ હોઇ શકે ?

ખરી રીતે જોતાં તે ત્રણે પાસેના ઇશ્વરી શાસ્ત્રો ખરેખરાં ઇશ્વરી વચનોના પવિત્ર પુસ્તકો છે. અને તેમાં જુદા જુદા મત બતાવ્યાજ નથી પણ તે અરસપરસ મિત્રભાવના અને જુદી જુદી ભાષા જાણવાની ગેરહાજરીના લીધે ઐકયતા જાણી શકાઇ નથી. પરંતુ તેઓની હસ્તી કયારથી થઇ તે જોયે તો તેમાં એકત્રતા દેખાશે એટલા તે બધા ધર્મપુસ્તકો એક પછી એક ઉતારેલાં છે અને દેશકાલ મુજબ ત્યાર પછી ઉતર્યાં છે,

મૂળવેદ સંસ્કૃતમાં તે વખતના લોકોની ભાષામાં પ્રેરણા મુજબ લખાયા જેમાં સારરૂપ "બ્રહ્મ એકોઽહં દ્વિતયા નાસ્તી" એ વચન ધર્મ જીવન તરીકે રજુ થયું.

ત્યાર પછી જૈન બુદ્ધ યહુદી ક્રીસ્તી અને જરથોસ્ત એ ધર્મ મતનો સમય હોવાથી તથા વસ્તીનું પરિવર્તન થવાથી અને જુદી જુદી ભાષામાં વહેંચાઇ જવાથી તે તેને અનુકુળ ભાષામાં ઇશ્વરી વચનો આવ્યાં જેમાં પણ ઇશ્વરની એકતાની સમજ મુખ્ય છે. તે પછીનાં ઇસ્લામમાં પણ ઇશ્વરી એકતાનું વચન કુરઆનમાં છે.

આ ઉપરથી આપણે એકજ નિશ્ચય ઉપર અવાય છે કે જગતકર્તા જીવનરૂપે એકજ છે તેને ઓળખવો એજ ધર્મ આ બાબતમાં કોઇનો પણ વિરોધ નથી વળી જેના જેના મારફત ઇશ્વરી વચનો ઉતર્યા તે તે ગુરૂરૂપ પણ એકજ ગુરૂ જુદા જુદા રૂપે જુદા જુદા નામે જુદી જુદી ભાષામાં થયા. આ પ્રમાણે વૈદિક ગુરૂ બ્રહ્મા અને ઇશ્વર બ્રહ્મ.

અને ગૌતમ વ્યાસ મુસા ઇસા જરથોસ્ત તથા નબી મહમદ સાહેબ એ બધા એકજ ગુરૂના સ્વરૂપો હતા જેની સનંદ દરેક પવિત્ર ગ્રંથોમાં મળી આવે છે ત્યારે એકજ પ્રકારનો બોધ મુળ સિદ્ધાંતરૂપે અપાતો આવ્યો છે.

આ બધા આકાશી ગ્રંથોના ઇશ્વરી વચનોમાં એકજ મહાન વચન ઝળકી આવે છે કે "ઇશ્વિર કે ખુદા એક છે તે પોતાનું સ્વરૂપ મનુષ્ય રૂપમાં રાખી પવિત્ર જ્યોતિ કે નુરવડે આ દુનિયાપર હમેશાં રહેતો આવ્યો છે ને તે જગતના જીવનરૂપ છે.

જેમ મનુષ્યનું શરીર જીવના આધારે હોય છે તેમજ સૃષ્ટી જગતના પ્રાણરૂપ એ ઇશ્વરી મનુષ્ય સ્વરૂપ હોય છે જો પ્રાણ ન હોય તો મનુષ્ય શરીર નાશ પામે છે તેજ મુજબ એ

ઇશ્વરી જ્યોતિ મનુષ્ય સ્વરૂપમાં ન હોય તો દુનિયા પણ અવ્યવત થઇ નાશ પામે છે.

વૈદિક સનાતન ધર્મ મત મુજબ યજુરવેદમાં અને તેના સારરૂપ શ્રી ગીતામાં કહ્યું છે કે—

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्
परं भावमजानन्तो मम भूत महेश्वरम् ॥९॥११॥
मोघाशा मोघकर्माणो मोघज्ञानो विचेतसाः
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनींश्रिता ॥९॥१२॥

અર્થ—હું મનુષ્ય રૂપમાં પરમ ઐશ્વર્ય સહિત હમેશા હઉંછું તેથી મને નહિ જાણનારા મુઢ છે જો તેઓ વૈદિક જ્ઞાન ઉપાસના કર્મ અને જ્ઞાન ધરાવવામાં સંપૂર્ણ હોય તો પણ નિષ્ફળ જાય છે, કારણ કે—

"પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતિમ
ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામી યુગે યુગે"

અર્થ—હું સાધુઓના ઉદ્ધાર માટે તથા દુષ્ટોના નાશ માટે અને ધર્મના ફરી સ્થાપના માટે દરેક વખતે હોઉંછું.

આ વખતે કળીયુગ જેવું સમયમાં ઇશ્વરી જ્યોતિ ધરાવ-નાર પુરૂષ ભક્તના ઉદ્ધાર માટે હોવો જોઇએ જો તેને કોઇ ન જાણતું હોય અને ભલે ગમે તે પંડીત હોય તો પણ તે મુઢ છે તેના કોઈ કર્મ ફળતાં નથી. ત્યારે એજ ગીતાના છેલ્લા આખ્યા-નના છેલ્લા શ્લોકમાં કહ્યું છે કે—

સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ॥
અહંત્વા સર્વ પાપેભ્યો મોક્ષ ઇષ્યામિ મહાશુચ ॥

અર્થ—(હે ભક્ત આ કળીયુગમાં મને શોધીને) સર્વ ધર્મનો ત્યાગ કરીને મારા એકલાને શરણે આવ તો હું તારા પાપનો ક્ષય કરી ઇચ્છિત મોક્ષ દઇશ ફર નહી.

હિંદુ શાસ્ત્રને ઇસ્લામની એકતા.

ત્યાર પછી વકતાએ હિંદુ શાસ્ત્ર મુજબ અવતારી પુરૂષની માન્યતાનું ચિત્ર બીજા શાસ્ત્રમાંથી રજુ કરતાં જણાવ્યું કે સનાતન ધર્મના શ્રી કૃષ્ણે દ્વાપર જુગના અંતે એટલે ઇ. સ. પૂર્વે પાંચ હજાર વરસ પહેલા જે આજે લગભગ સાત હજાર પૂર્વે કહીએ તો તે સમયે નવમા બુદ્ધ અવતાર રૂપમાં શ્રી કૃષ્ણે હીંદની બહારના અનાર્ય લોકોને સનાતની તાલીમ આપી. અને માગધી પારસી અને હિબ્રુ ભાષામાં વેદમત સમજાવ્યો. તેમાં એજ અવતારી પુરૂષની ઓળખ આપી છે જેને કેટલાકો તિર્થંકર મહાવીર સ્વામી તથા ગૌતમ તથા કંઇક જરથોસ્ત કઇક ઇસા કઇક મુસા રૂપને માનનારાઓ ક્રમવાર થયા. પરંતુ તે બધાના ધર્મ મતમાં ઇશ્વરી પુરૂષની માન્યતા મુખ્ય મોક્ષદાઇ મનાય છે ખ્રીસ્તીયોને યહુદીયો પણ બુધ રૂપને આદમના નામથી ઓળખે છે અને તેના શાસ્ત્રોમાં યહોવાને ઇશ્વરી અલૌકિક પુરૂષ મુક્તિ દેનાર મનાવ્યો છે એજ "યહોવા"ની પરંપરામા બધા પયગમ્બર અને ઇમામ થયા જેઓએ વેદિક મતની સ્થાપના કરી અલબત તેમાં સમય અને ભાષા બાદ કરીએ તો આર્ય અને અનાર્ય ધર્મમત વેદિક સિવાય બીજું કાંઇ નથી આના ટેકામાં ભવિષ્ય પુરાણના પ્રતિ સર્ગ પર્વના કેટલાક શ્લોકો વકતાએ ટાંકી બતાવ્યા હતા. જેમાં આદમ બુદ્ધ મુસા ઇસા વગેરેના ચારિત્રો સનાતન ધર્મ રૂપ વર્ણાવ્યા હતાં આ રીતે ઉત્પત્તિ સમયથી હ. ઇસા સુધીના લોકોને ક્રમવાર એજ ઇશ્વરી પુરૂષે લીધેલા જુદા જુદા અનુક્રમ સ્વરૂપ વડે બોધ્યા છે અને તેને એકજ ધર્મ શીખાવ્યો છે જે સનાતન ધર્માવલંબીઓએ માન્ય રાખવા તેમનું ધર્મ શાસ્ત્ર સંબોધે છે પરંતુ કંઇક પક્ષપાતી દ્વેષી અને મતલબી બ્રાહ્મણોએ આ બાબતો પ્રગટ કરી ન હોવાથી લોકો

અંધારમાં રહી ગયા છે અને તેથી અરસ પરસ વિરોધ રાખે છે આ અજ્ઞાન પણાને દુર કરનાર સનાતન ધર્મ મુજબ મક્કાના પવિત્ર મંદિરમાં ચમત્કારી રીતે જન્મેલા હ. અલીએ ઇસ્લામના નામે સનાતન ધર્મના સિધ્ધાંતો હઝરત નબી મહંમદ રૂપ ગુરૂ બ્રહ્માંએ અરબ લોકોને તેઓની ભાષામાં સ્થાપીત કર્યાં અને ઇશ્વરી વચન રૂપ કુરઆને શરીફમાં સ્પષ્ટ રીતે વેદિક મતની સ્થાપના કીધી પરંતુ નબી મહંમદના બોધને કબુલનારાઓમાં હ. અલીને, ઇશ્વરી પુરૂષ એટલે અરબીમાં જેને ઇમામ કહે છે તે માનવા માટે વિરોધ કર્યો અને ઇમામ વગર મુક્તિ મળી શકે નહિ તે સ્પષ્ટ હોવા છતાં પણ તે બાબતમાં હ. નબી મહંમદની વફાત બાદ ઘણો મતભેદ થયો તો પણ હ. અલીના ઇશ્વરી સ્વરૂપને માનનારા થોડાક હતા જેઓની જીંદગીની કિંમત તે બાબતના મતભેદમાં દોરવાએલાઓએ કંઇ થવા દીધી નહિં પરંતુ ઇશ્વર ઇચ્છા બળવાન છે અને એજ મુઠ્ઠીભર લોકોની સનાતન માન્યતાનાં બીજ આજે હિંદમાં એક સુંદર બગીચા માફક દીપી નીકળતાં જાય છે અને એજ હ. અલીની પ્રણાલિકા (પરંપરા) ના પ્રતાપે વૈદિક સનાતન ધર્મમત જે ખરૂં કહીએ તો ખુદાઇ ધર્મ છે તે ઉત્તરોત્તર દરેક પ્રજા સન્મુખ થઇ આવ્યા પછી પાછા હિંદના ભાવિક ભક્તો સન્મુખ અસલ સ્વરૂપમાં પ્રગટ થાતો જાય છે આ બાબતમાં કુરઆનના કેટલાક પવિત્ર શબ્દો વક્તાએ કહી સંભળાવ્યાં હતાં જે સનાતન વેદિક ધર્મને મળતાં હતાં.

ફકરો ૧ લો—કુલ્લે કોમીન હાદ–ઇલ્લાબે લિસાને હિમ.

દરેક કોમને તેઓની ભાષામાં ખુદા તરફથી ધર્મ મળેલ છે તે સિદ્ધ કરે છે કે હિન્દમાં મળેલી વેદિક સનાતન ધર્મની તાલિમ સંસ્કૃતમાં ખુદા તરફથી અગાઉ મોકલાવેલી હતી.

વળી સુરે ફાતેહામાં છે કે—" એહદેનસ સેરાતલ મુસ્તકીમ સેરાતલ લઝીના અન અમતા અલયહીમ ગૈરીલ મગઝુબે અલય હીમ વલઝ઼ આ...લી...ન.

અર્થ:—હે ખુદા તું અમોને સત્ય ધર્મ બતાવ કે જે અગાઉ લોકો પાળતા હતા અને તેઓ તેના ઉપર ન્યામત ઉતરી છે પણ એવો ધર્મ નહીં બતાવજે કે જેના ઉપર ચાલનારા પર તેં કોપ કર્યો છે આ સાબિત કરે છે કે—આગલા વખતના લોકો કે જેના ઉપર ઇશ્વરે બક્ષીસ ઉતારી તે લોકો હિન્દના વૈદિક મતના સનાતનીઓ હતા ત્યારે વૈદિક સનાતન ધર્મના વિરોધી કંસ રાવણ વિગેરેના ધર્મ માટે પનાહ માગી છે આ કુરાનના ઇશ્વરી શબ્દો સનાતન ધર્મમત તરફ લોકોને પ્રેરે છે અને ઐક્યતા સિદ્ધ કરે છે કારણ કે હ. નબી મહંમદ અગાઉ હ. ઇસા હ. મુસા હ. નુહ હ. આદમ (બુધ્ધ) હ. કૃષ્ણ હ. રામ વિગેરે ઇશ્વરી પુરૂષોએ ઉત્તરોત્તર લોકોને વૈદિક ધર્મમત બતાવ્યો છે અને એજ ધર્મની માંગણી ઇસ્લામીઓ બંદગીમાં હરરોજ કરે છે તો પછી આ માટે હીંદુ મુસલમાનમાં વિરૂધ્ધતા હોય ?? વળી વકતાલે—યવમ નદઉ કુલ ઉનાસીન બે ઇમામે હિમ.

અર્થ:—કયામતના દિવસે ખુદા દરેકને પોતાના ઇમામ સાથે બોલાવશે.

એજ ખુદાઈ વચન કહી આપે છે કે જે જે પ્રજાઓ પોત-પોતાના સમયના ઇશ્વરી પુરૂષો અથવા ઇમામોની તાબેદારી કીધી હશે તેને તેના સાથે રજુ થવું પડશે.

એટલે હ. રામ હ. કૃષ્ણને માનનારા તેમની સાથે હ. નુહ. હ. મુસા હ. ઇસા વિગેરેને માનનારા લોકો તેઓની સાથે ત્યારે ઇસ્લામીઓ પોત પોતાના જમાનાના ઇમામની સાથે રજુ થશે

અહીં વક્તાએ ખુલાસો કીધો હતો કે ઇસ્લામીઓ માટે પયગમ્બર અને ઇમામની માનીનતા તે હિંદુ ધર્મ મુજબ ગુરૂને અવતાર પુરૂષની માફક છે ગુરૂ ને પયગમ્બર અને ઇશ્વરી પુરૂષ તે ઇમામ દરેક ગુરૂને મેળવ્યા પછી ઇશ્વરી પુરૂષ એટલે ઇમામને માનવાની જરૂર છે જે ગુરૂને માને અને ઇમામને ન માને તે પૂર્ણ નથી કારણ કે કુરઆનમાંજ ઇમામના નામથી બોલાવવાનું વચન છે વળી ગુરૂ એક વખત સનાતન ધર્મની સ્થાપનાનું ધોરણ બતાવે છે પહેલું તે ઇમામના તાબામાં હમેશા રહેનારાઓને પાળવાની જરૂર છે એટલે ઇમામની વ્યક્તિ દુનિયાના જીવન રૂપ હોવાથી હંમેશાં હોય છે એમ ગીતામાં કહ્યું છે કે:—"સંભવામી યુગે યુગે" હું હંમેશા હોઉં છું કુરઆનમાં પણ કહ્યું છે કે ઇન્ની જાએલુન ફીલ અર્ઝ ખલીફા મારો પ્રતિનિધી (ઇમામ) દુનિયા પર હંમેશાં રહેનાર છે.

વ્યાખ્યાનનો વિષય પૂર્ણ થવાથી પ્રમુખે ટકોરી વગાડી તેથી વક્તાએ હીંદુ મુસલમીન એકતાના વિષયનું આકારેલું ચિત્ર પૂર્ણ કરતાં કહ્યું કે વિષય ઘણો ગહેરો છે ને વખત ટુંકો છે તેથી હાલ તરત મારૂં વ્યાખ્યાન અત્રે સમાપ્ત કરૂં છું અને જો વળી બીજે વખત મળશે તો બાકીના સિધ્ધાંતો રજુ કરી હીંદુ મુસલમીન ઐકયતા કેવી રીતે છે તે સ્પષ્ટ કહીશ હાલ માત્ર મને આપણા પ્રમુખ સાહેબ અને મારી ઓળખ કરાવનાર જેઓની રેલ્વેમાં મુલાકાત થતાં તેઓની ઇચ્છાને માન આપી જે વાયદો કર્યો હતો તે અત્રે પૂર્ણ થયેલો જોઇને તે બેઉ સાહેબોના તથા તમો ધીરજે સાંભળનાર દરેક મહેરબાનોના ઉપકાર માનું છું અને મારી ડયુટી દરમિયાન બીજે વખત મળશે તો ફરી આપની મુલાકાતનો લાભ લઇશ. ઇશ્વર આપણને એવા જાગતા સમયની અને ધાર્મિક ઐકયતાની પૂર્ણ સમજ આપે જેથી

હિંન્દમાં ભપિ શાંન્તી ફેલાય. વકતાએ તાળીઓના ગડગડાટ વચ્ચે ભાષણ પુરૂં કરી બેઠક લીધા પછી યુનીફોરમ ડ્રેસવાળા મુસલમીનભાઇએ પ્રમુખની રજા લઇ ટુંક વિવેચન કીધું કે આપણે વકતાનો આભાર એટલા માટે માનવાની જરૂર છે કે અત્યારે હીતશત્રુઓ હિંદુ મુસલમાનમાં વિરોધતા માટે પ્રપંચો રચે છે અને દીલગીરી જેવું એ છે કે આવા ઐકયતાના ઉત્તમ રસ્તાઓ છતાં વગર વિચારે કઇક હિંદુ ધર્મના નેતા પણ આર્ય સમાજીઓની જાળમાં ફસીને રીતના બરપા કરે છે એક ખુદાઇ ધર્મની સ્થાપના સમજાવી છે તેવા ઘણા ભાષણોની ઠેકઠેકાણે જરૂરત છે અને આપણને ફરી પરમાદી આપે એવું અંતઃકરણ પુર્વક ચાહુ છું ત્યાર પછી પ્રમુખ સાહેબે ગળગળા સ્વરે વકતાના ભાષણ અને તેમાં ધર્મની એકતાના મુકત કંઠે વખાણ કર્યાં અને છેવટ હિંદુ મુસલમીન ઐકયતાના શત્રુઓ નાબુદ થાય. અને હીન્દના તમામ ભાઇઓ એકજ ઇશ્વરી ધર્મ મતને આધિન થાય. અને ઇશ્વરી અવતાર નકલંક પ્રભુ સત્વર પ્રગટ થાય. એમ ઇચ્છી બેઠક લીધી ત્યાર પછી વકતાને ઘણા સભ્યજનોએ મુબારકી આપી અને મેળાવડો વિસરજન થયો હતો.

{સમાપ્ત.}

દરેક છપાતી સીરીઝોના જાથુકના નવા થયલા ગ્રાહકોનું લીસ્ટ.

	નકલ	સીરીઝ નંબર	ગ્રાહક
	૧૦૦	૬	શેઠ પીરમામદભાઇ જીવા (મુંબાઇવાળા)
(જાથુક)	૫૦	૬ થી ૧૨	,, ,, વાંકાનેરની બાઇઓમાં મફત વહેંચવા માટે.
(જાથુક)	૧૦૦	૧ થી ૧૨	પ્રે. સા. ધરમશીભાઇ વીરજી માવાણી મુંબઇ
	૫૦	૬ ને ૭	હાજીભાઇ જીવરાજ જેતલસર વકફ
(જાથુક)	૫૦	૬ થી ૧૨	હજુર મુખી હશમભાઇ સાલેહ કોટડા સાંગાણી (વી. પી. મોકલી કીંમત વસુલ કરવી)
,,	૫૨	૬ થી ૧૨	પીરભાઇ કાળા વઢવાણ (મોકલવી નહીં લેવા આવશે ૬૦ રૈમતલા)
	૫૦	૬ થી ૭	આ. અલીભાઇ કુંવરજી અકોલા (બરાડ જીલ્લો)
મોકલવી	૫૦	૬ થી ૭	કાનજીભાઇ નાનજી મોટી મારડ (વાયા ધોરાજી)
	૫૦	૬ થી ૧૦	ડા૦ કરમાલીભાઇ મેરાજી સરકાર મોકલવી
	૨૫	૬ થી ૭	મી૦ ચતુરભાઇ ખીમજી અમદાવાદ
જાથુક	૨૫	૬ થી ૧૨	હાશમભાઇ નુરમામદ ધોરાજી (વકફ)
	૨૫	૬ થી ૭	હાજીભાઇ અલાણા જેતપુર

	૨૬	૬ થી ૭	ડાયાભાઇ વલ્લી ,,
જાથુક	૨૫	૬ થી ૧૨	અલીભાઇ રેમતલ્લા મંજેવડી (વી. પી. મોકલાવવી)
,,	૨૫	૬ થી ૧૨	(હજુર મુખ્ખી) કાસમભાઇ કુરજી મંજેવડી
,,	૨૫	૬ થી ૧૨	જાનમામદભાઇ કેશવજી મેંગણી
,,	૨૫	૬ થી ૧૨	શરીફભાઇ રેમતુલ્લા સુપેડી
	૨૫	૬ થી ૧૦	ગુલામહુસેનભાઇ મનજી
	૨૫	૬ થી ૧૦	કા૦ અલીભાઇ ભુરા અમદાવાદ વકફ
,,	૨૫	૬ થી ૧૨	વૈદ પ્રે. જાફરભાઇ જીવણ ધોળકા
,,	૨૫	૬ થી ૧૨	પીરભાઇ ગુલામહુશૈન જામનગર (એજ્યુ–કે–સેન્ટ–ઓ–ઇન્સ્પેકટર)
	૨૫	૬ ને ૭	શેઠ મીઠાભાઇ જીવણ અમદાવાદ વકફ
	૫૦	૬ થી ૧૦	માણાવદર લોકલ કાઉન્સીલ હા૦ હાશમભાઇ પંચાણ
	૨૫	૧ થી ૬	કાસમભાઇ ઝીણા સુપ્રીમ કૌ૦ ના ઓ૦ સેક્રેટરી

તૈયાર છે મંગાવો.

નં (૧) સતપંથની સજ્ઝાય કી. ૧ પૈસો, નં૦ [૨] સતપંથની દેવીઓ કી. ૩ પૈસા, નં૦ (૩) આત્મ દર્શન કી. ૨ પૈસા નં૦ (૪) એક પાદરીનું લેક્ચર કી. ૨ પૈસા નં૦ [૫] આકાશી વાદળ કી. ૧ પૈસો, નં૦ (૬) એક રેલવે મુસાફર ભાગ ૧ કી. ૨ પૈસા, મજકુર બુકો વાંચવાથી આપણા દીનની રોશનીની વધુ સમજ પડશે માટે ગ્રાહક થવા અગાઉ એકવાર ખાત્રી કરવા અમારી છએ જાતની સીરીઝો મંગાવવા સારૂ બુક પોસ્ટ સાથે રૂ૦ ૦|) ના સ્ટામ્પ મોકલાવશો તો તુરતમાં બુક-પોસ્ટ કરશું.

લખોઃ—ઓ. સે. ધી ઇસમાઇલી સાહિત્ય મંડળ.

જાથુકના ગ્રાહક થનારને સુચના.

અમારી પાસે આજ સુધી પ્રગટ થયેલી અને ભવિષ્યમાં છપાવવા ધારેલી દરેક સીરીઝની ઓછામાં ઓછી મુંબઇ માટે ૫) નકલ તથા બહારગામ માટે ૨૦) નકલનો ઓર્ડર આપી નામ નોંધાવનાર જાથુકના ગ્રાહક થઇ શકે છે, બહારગામના ગ્રાહકોને ઓછામાં ઓછી ૨૦ નકલ વી. પી. થી મોકલવામાં આવશે. જાથુકના ગ્રાહક સીવાય બીજાઓ પાસેથી દર બુકે ૧ પૈસો વધુ લેવામાં આવશે.

નોટ—આફ્રીકા માટે વી. પી. થઇ શકતું નથી માટે અગાઉથી રોકડ શીલીંગ મોકલનારને છએ જાતની મળી ૨૦) બુકોનું રજીસ્ટર મોકલવામાં આવશે.

લખોઃ—ઓ. સે. ધી ઇસમાઇલી સાહિત્ય મંડળ.

ધી ઈસ્માઈલી સાહીત્ય મંડળના કાર્યવાહકોના નામો.

પ્રમુખઃ—મુખી લાલજીભાઈ દેવરાજ.

સેક્રેટરી અને ખજાનચી } મી૦ તારમામદભાઈ રવજી.

જોઈન્ટ સેક્રેટરીઃ—મી૦ માહામદભાઈ વલી નાઝર.

મેમ્બર મી૦ પીરભાઈ મહેરઅલી.

,, મી૦ અલીભાઈ પરધાન.

,, મી૦ વીસરામભાઈ મુલજી.

,, મી૦ કાસમભાઈ કલ્યાણ.

,, મી૦ જીવરાજભાઈ પીરભાઈ.

,, મી૦ હાજીમાહમદભાઈ ફ્રાન્સલ.

લેખકઃ—મી૦ વતંતેજ, મી૦ બખ્તલ, મી૦ સીનફ

તથા બીજા મિશનરીયો પણ કામ કરતા રહેછે.